BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# ઉજવીશું સિટી ઓફ બ્રેમ્પટનનો સહુ પ્રથમ દિવાળીનો મેળો

બ્રેમ્પટન, ઓન્ટારિઓ (13 ઑક્ટોબર 2023) – સિટી ઓફ બ્રેમ્પટન તેના સહુ પ્રથમ વખત આયોજીત દિવાળીના મેળામાં રહીશોને આમંત્રણ પાઠવે છે.

દિવાળી એટલે પ્રકાશનો ઉત્સવ, જેમાં પાંચ દિવસની ઉજવણી થાય છે જે પ્રકાશનો અંધકાર પર વિજય સૂચવે છે. તેને દુનિયાભરના હિંદુઓ, જૈનો, સિખો અને બૌદ્ધો ઉજવે છે. દિવાળી ઉજવતા સમાજના સભ્યો પોતાના ઘરોને દિવડાથી સજાવે છે અને આંગણામાં રંગોળીઓ પૂરે છે જે રંગ દીધેલ ચોખા, રેતી અથવા ફુલની પાંખડીઓથી કરવામાં આવે છે જેથી તેમના પરિવારો અને અતિથીઓનું શુભ થાય અને બરકત આવે.

દિવાળી ઉજવવા માટે સિટી તેમની સહુ પ્રથમ સમુદાયની ઉજવણી યોજી રહ્યા છે જેમાં સહુ કોઇને ભેગા મળીને પરંપરાઓનો અનુભવ કરવા આમંત્રિત કરવામાં આવી રહ્યા છે જેમાં હશે લાઇવ મ્યુઝિક, અને સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રીય કલાકારોની પ્રસ્તુતિઓ, નિઃશુલ્ક પરિવારો માટે મૈત્રિપૂર્ણ પ્રવૃત્તિઓ, મનભાવન વ્યંજનોના વિક્રેતાઓ અને જોરદાર 15 મિનિટની આતશબાજી - જે સિટી દ્વારા થનાર સૌથી મોટી આતશબાજીનું પ્રદર્શન હશે.

**તારીખ:** રવિવાર, નવેમ્બર 12
**સમય:** સાંજે 4 – 10
**સ્થાન:** Sesquicentennial Park, 11333 Bramalea Road, Brampton, ON.

**ઈવેન્ટ સુધી આવન જાવન કરવાની મુસાફરી**
બંધ માર્ગો, ટ્રાન્ઝિટના વિકલ્પો અને પાર્કિંગની વિગતો માટે અહીં મુલાકાત લો www.brampton.ca/diwali.

**મફત બ્રેમ્પ્ટન ટ્રાન્ઝિટ શટલ**
બ્રેમ્પટન ટ્રાન્ઝિટ સાંજે 4 વાગ્યાથી મફત શટલ સર્વિસ રજૂ કરે છે જે દર 30 મિનિટે નીચે પૈકી ચાર શટલ સ્થળો પરથી દોડશે – માઉન્ટ પ્લેઝન્ટ GO સ્ટેશન, શેરિડાન કૉલેજ, ગોર મેડોઝ કમ્યુનિટી સેંટર અને સ્ટિવ મેક્સ સ્પોર્ટ્સ સેંટર.

**દિવાળી દરમિયાન બ્રેમ્પટન ખાતે ફટાકડા અંગેની સલામતી**
રહીશોની સલામતી ટોચની અગ્રિમતા ધરાવે છે. નવા ફટાકડા બાય-લૉ હેઠળ સિવાયકે સિટી દ્વારા આયોજીત ઈવેન્ટ્સ સિવાય ફટાકડા ફોડવાની પરવાનગી નથી. આ ઈવેન્ટ લોકોને દિવાળીની ઉજવણી કરવા દેશે જેમાં આતશબાજી જોવાનો અનુભવ કરી શકાશે જેને આ ઉત્સવનું પ્રતિક ગણવામાં આવતું હોય છે.

સિટી તેમના ઉદાર પ્રાયોજકો CAA અને ટિમ હોર્ટનનો તેમના સમર્થન માટે આભાર માને છે.

સંપૂર્ણ ઈવેન્ટ વિગતો માટે અહીં મુલાકાત લો www.brampton.ca/diwali.

**સુવાક્યો**

"દિવાળીની સહુ પ્રથમ ઉજવણી કરી રહ્યા છીએ ત્યારે અમે રોમાંચિત છીએ. આપણા કેટલાયે રહીશો દિવાળી ઉજવે છે અને એક સમાજ તરીકે સાથે મળીને ઉજવણી થાય તે જોવા હું ઉત્સુક છું. રહીશોને ઉજવણીમાં જોડાવાનું આમંત્રણ છે જ્યાં દિવાળીની પરંપરાઓ આતશબાજી સહિત અનુભવી શકાશે."

- *પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ્ બ્રૅમ્પટન*

"હું અતિશય રોમાંચિત છું કે સિટી ઓફ્ બ્રૅમ્પટન તેમનો પહેલવહેલો દિવાળી મેળો યોજી રહ્યા છે. આપણા સમુઆયના કેતાલા બધા લોકો દિવાળી ઉજવે છે અને હું નવેમ્બરની 12 તારીખના રોજ તેમની સાથે એક આનંદભરી સાંજ સાથે મળીને ઉજવવા ઉત્સુક છું. હું બધાને બ્રૅમ્પટન ખાતે દિવાળી ઉજવવા માટે બહાર નીકળવા પ્રોત્સાહિત કરું છું!"

- *હરકિરત સિંઘ, ડેપ્યુટી મેયર, સિટી ઓફ્ બ્રૅમ્પટન*

-30

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 90,000 વ્યવસાયો છે**. અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
સિટી ઓફ્ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca